અમદાવાદ(ગ્રામ્ય)ના મે.એડી.જયુડી. મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.મીરઝાપુર, અમદાવાદ.

CRIMINAL CASE NO.23311/2021

આંક:–

ફરિયાદી:– શ્રી સરકાર

વિ.

આરોપી:– સુશીલકુમાર રમેશભાઈ શર્મા
રહે.નવા નરોડા, અમદાવાદ.

ગુનો:–ધી ઈ.પી.કો. કલમ–૨૭૯

ચુ કા દો

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ધી ધી ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.આજરોજ ના.નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્ર મે નેશનલ લોક આલતના આદેશ મુજબ આજરોજ સ્પે.સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુનાની કબુલાત પુરસીસ લીધી. તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે.અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે.અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

હુ ક મ

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે ધી ધી ઈ.પી.કો. કલમ–૨૭૯ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.200/- અંકે રૂપીયા બસો પુરા નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.અને જો દંડ ન ભરે તો દિન:૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૧ મી માહે : ડીસેમ્બર સને : ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

મુ:અમદાવાદ.

ઈ./ચા.એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.